# શૂન્યમાંથી સર્જન બાલાજી વેફર્સ

ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

વાત છે જામનગર જીલ્લાના ધુંદોરાજી ગામની. ગામના લોકો ખેતરોમાં જે પાકે તે વેચીને પરિવારોનું ગુજરાન ચલાવે. એવા ગામમાં રહેવાવાળા, ગરીબ ખેડૂતનાં દિકરા મોટા થઈને કરોડોપતિ થઈ શકે ખરા? આ વાત અશક્ય લાગે, પણ સત્ય છે. ધુંદોરાજી ગામના વિરાણી પરિવારનું નામ પચાસ વર્ષ પછી કરોડપતિઓના લિસ્ટમાં સામેલ થયું છે.



આપણે ૧૯૭૦ની આસપાસ જઈએ. વિરાણી પરિવારના મોભી પોપટભાઈએ જમીન વેચીને તેમને મળેલા વીસ હજાર રૂપિયા પોતાના દિકરાઓને આપીને કહ્યું, હવે ગામમાં કશું રહ્યું નથી. તમે શહેરમાં જાઓ અને ધંધો કરો. સૌથી નાના કનુભાઈ મા-બાપ અને બે બહેનો સાથે ગામમાં રહ્યા. મોટાભાઈઓ ચંદુભાઈ, ભીખુભાઈ અને મેઘજીભાઈએ રાજકોટની વાટ પકડી. ખેડૂતના દિકરા હતા એટલે એમને વિચાર આવ્યો કે ખેત ઉત્પાદનને લગતું જ કંઈ કરીએ. એમણે શરૂઆત કરી ખેતીના સાધનો અને ખાતર વેચવાની. કોઈ ટ્રેડરે એમને નકલી સામાન આપી દીધો. બે વર્ષમાં જ ધંધો બેસી ગયો. રૂપિયાની સાથે એમનાં સપનાં પણ ડૂબી ગયા. કરવું શું? ત્રણેય ભાઈઓએ વિચાર્યું પાછા ગામમાં નથી જવું. જે કરશું તે અહીં જ કરશું. એમણે કામની ખૂબ શોધ કરી.

આખરે રાજકોટના એસ્ટ્રોન સિનેમામાં એમને નાનકડી નોકરી મળી. તેમનું કામ હતું સીનેમાની કેન્ટીનમાં લોકોને ખાવાનું પીરસવું. અહીં મળ્યો તેમને જીવનનો પહેલો મંત્ર. કર્મ જ ધર્મ છે. જે કામ મળે તે ઈમાનદારીથી કરવું. એમણે એ કામની સાથે ફિલ્મોના પોસ્ટર ચોટાડ્યાં, તો કદી દર્શકોની ટીકિટ ચેક કરી. મોડીરાતે તેઓ થિયેટરની ફાટેલી સીટો સાંધતા. એ માટે તેમને એક પ્લેટ એમને ચોરાફળી અને ચટની ખાવા મળતી. એમની ઈમાનદારી જોઈને કેન્ટીનના માલિક ગોવિંદભાઈ ખૂંટે કહ્યું હવે તમે જ સંભાળી લ્યો આ કેન્ટીન. ત્રણેય ભાઈઓ મહિનાના એક હજાર રૂપિયાના દરે કેન્ટીન સંભાળી. એ કેન્ટીનમાં આવનાર દર્શકોની એક ખાસ ડીમાન્ડ હતી વેફરની. તેમણે ત્રણ વેપારી બદલ્યા છતાં ન પૂરો માલ મળતો કે ન ગુણવતા. અહીં એમને મળ્યો જીવનનો બીજો મંત્ર. ચિંતા નહીં ચિંતન કરો.

વેફરની મુશ્કેલીએ એમને એક માર્ગ દેખાડ્યો. શા માટે આપણે જ વેફરનું ઉત્પાદન ન કરીએ? વર્ષ હતું ૧૯૮૨. એ વખતે એમનો પરિવાર રાજકોટ આવી ગયો હતો. એમનો પરિવાર કેન્ટીનમાં મસાલા સેન્ડવીચ સપ્લાય કરતો હતો. એમને વિચાર આવ્યો કે સેન્ડવીચ સમય જતા ખરાબ થઈ જાય, જ્યારે વેફરને પેક કરીને સાચવી શકાય, બીજી જગ્યાએ પહોંચાડી પણ શકાય. અહીં મળ્યો જીવનનો ત્રીજો મંત્ર. કૂદી પડો. સામાન્ય રીતે ભણેલા લોકો વધારે વિચાર કરે છે, જ્યારે ઓછું ભણેલા શક્યતા જોઈને કૂદી પડે છે. ચંદુભાઈને ચીપ્સ બનાવવાનો કોઈ અનુભવ હતો નહીં, પણ દસ હજારમાં બે મશીન લઈને કામ શરૂ કરી દીધું. ખાસ્સા સમય બાદ તેમની વેફર લોકપ્રિય થવા લાગી. તેમની બે કેન્ટીન હતી બે એસ્ટ્રોન સિનેમામાં અને એક કોટેચા ગર્લ્સ હોસ્ટેલમાં. તેમણે ત્રણેય જગ્યાએ માલ પહોંચાડવાની સાથે બહાર પણ મોકલવા લાગ્યા. ૧૯૮૪ના વર્ષમાં તેમણે પોતાની વેફર માટે એક બ્રાન્ડ નામ પસંદ કર્યું 'બાલાજી વેફર્સ'. તેમણે સાયકલ, મોટરસાયકલ અને રીક્સા દ્વારા દૂર દૂરના ગામડાં અને નગરોમાં વેચવાનું શરૂ કર્યું. જરૂરિયાત એટલી વધી કે ૧૯૮૯માં તેમણે પચાસ લાખ રૂપિયાની લોન લઈ GIDC રાજકોટમાં પોતાનો પ્લાન્ટ નાખ્યો, પણ મશીનો ચાલતી નહોતી. કંપનીનો ઈન્જીનિયર આવે એ મસમોટું બિલ દઈને ચાલ્યો જાય. એ વખતે સામાન્ય ભણેલા ચંદુભાઈએ જાતે મશીનો રીપેર કરવાનું શરૂ કર્યું. મશીન એમને તાબે થઈ ગઈ. એમની બાલાજી વેફર્સ ગુજરાતમાં પ્રખ્યાત થઈ ગઈ.

**ભારતના ચૌદ રાજ્યોમાં બાલાજી વેફર વેચાય છે અને વિદેશમાં યુએઈ, ઓસ્ટેલિયા અને અમેરીકામાં સપ્લાય કરે છે. ભારતમાં પેપ્સીકો અને હલ્દીરામ પછી બાલાજી વેફર્સ ત્રીજી નંબરે છે**

અહીં મળ્યો ચોથો મંત્ર. પોતાના કામને પ્રેમ કરો. એ દરમિયાન બાલાજી વેફર્સ ખરીદવાની ઓફર્સ આવવા લાગી. ત્યારે પાંચસો જેટલા લોકોએ પત્રો લખ્યા કે તમે આ કંપની વેચશો નહી, અમે આ વેફર ખાઈને મોટા થયા છીએ.

આજે બાલાજી વેફર્સના બે હજારથી વધુ જથ્થાબંધ ગ્રાહક છે જેમાંથી એંસી ટકા ખેડૂતો છે. બાલાજી વેફર્સનો મૂળમંત્ર છે. સંતોષ. ઉપરથી નીચે સુધી બધાને સંતોષ મળવો જોઈએ. આજે સામાન્ય વેપારીથી માંડીને કોઈ પણ માણસ બાલાજી વેફર્સના માલિકોને સરળતાથી મળી શકે છે. બાલાજી વેફર્સમાં સાત હજાર કામદારો છે. અહીં મળ્યો પાંચમો મંત્ર, વેચાણ નહીં સેવા. બાલાજી વેફર્સ કોઈ ઉપર દબાણ કરતું નથી, બસ સૌ પોતાની કંપની સમજીને કામ કરે છે.

ગુજરાતમાં રાજકોટ અને વલસાડ. મધ્યપ્રદેશમાં ઈંદોર અને ઉત્તરપ્રદેશમાં લખનૌ બાલાજી વેફર્સની કંપનીઓ છે. આ કંપનીઓ વેફર્સ ઉપરાંત પચાસ જેટલી સ્નેક્સ આઈટેમ વેચે છે. ભારતના ચૌદ રાજ્યોમાં બાલાજી વેફર વેચાય છે અને વિદેશમાં યુએઈ, ઓસ્ટેલિયા અને અમેરીકામાં સપ્લાય કરે છે. ભારતમાં પેપ્સીકો અને હલ્દીરામ પછી બાલાજી વેફર્સ ત્રીજી નંબરે છે. વિરાણી પરિવારના આ ધંધામાં હજુ સુધી એક પણ વિવાદ થયો નથી. બપોરે મોટા ડાઈનીંગ ટેબલ ઉપર આખો પરિવાર સાથે જમે છે.

## અનુસંધાન પાના નં. 10નું

એક ખોટું પગલું જીવનનો અંત બની શકે, પરંતુ મગજની આ ક્ષમતાઓએ તેમને સુરક્ષિત રીતે આગળ વધાર્યા. સમુદ્રમાં પ્રવેશ્યા પછી, નેવિગેશન માટે તેમણે GPSનો મર્યાદિત ઉપયોગ કર્યો. પરંતુ મુખ્યત્વે dead reckoning પદ્ધતિ અપનાવી. જેમાં દિશા, ઝડપ અને સમયના આધારે સ્થાનનું અંદાજ લગાવવામાં આવે છે. જો બોટ 5 km/h ઝડપે 2 કલાક ચાલે, તો તે 10 km નો પ્રવાસ ખેડેલો છે તેમ ગણાય. આ સરળ ગણતરી જીવનરક્ષક બની ગયો. તેઓ દરિયાના પ્રવાહોને પણ ધ્યાનમાં લેતા, જેથી માર્ગ વધુ ચોક્કસ બને. પોતાના દેશમાંથી નાસીક છૂટવા માટે નૌકાની ઝડપ ઓછી રાખવાનું એક અન્ય કારણ પણ હતું. આઠ સભ્યોના પરિવારમાં એક નવા સભ્યનું અવતરણ થવાનું હતું. મોટાભાઈના પત્ની ગર્ભવતી હતા. આ મિશન પાર પડે એ પહેલા એક દુઃખદાયી ઘટના એ પરિવારમાં બની ગઈ. 'ગ્રેટ એસ્કેપ' નો વિચાર જેના મનમાં આવ્યો હતો એવા તેમના પિતાજીનું અવસાન થયું. એમના પિતાજીએ બાળકોમાં વિચાર બીજ એટલું મજબૂત રોપ્યું હતું કે જેને કારણે આ યોજના પૂર્વવત ચાલુ જ રહી.

આ આખી યાત્રા દરમિયાન મનમાં એક સતત મનોમંથન ચાલતું હતું. "શું આ સાચો નિર્ણય છે?", "જો પકડાઈ જઈશું તો શું થશે?", "શું હું મારા પરિવારને જોખમમાં મૂકી રહ્યો છું કે બચાવી રહ્યો છું?" આ પ્રશ્નોથી મન મુંજવાતું હતું. પરંતુ બીજી બાજુ એક મજબૂત વિચાર હતો કે "અહીં રહીશું તો શું મળશે?" બહારની દુનિયાની ઝલક, વિશેષ કરીને દક્ષિણ કોરિયાના જીવન શૈલીએ તેમના મનમાં આશાનું બીજ વાવ્યું. આ આશા ડર કરતાં મોટી બની. પરિવારમાં એક વિચાર હોય તો ગમે તેવી અસંભવ સફર પાર પડે છે.

અંતે એક એવી ક્ષણ આવી કે જે ન થવાનું હતું તે થયું. જ્યારે તેઓ Northern Limit Line પાર કરીને દક્ષિણ કોરિયાના પાણીમાં પ્રવેશ્યા ત્યારે હથિયારધારી નૌસેનાની બોટના સૈનિકોએ પૂછ્યું કે 'અહીંયા કેમ આવ્યા છો, શું તમારું એન્જિન ખરાબ થયું છે?' દરિયાઈ તોફાન અને અંધારી રાતમાં મોત સામે દેખાતું હતું. ત્યારે તેમણે જવાબ આપ્યો કે "ના, અમે ભાગી આવ્યા છીએ." આ શબ્દોમાં વર્ષોની તૈયારી, પીડા અને આશા સમાઈ ગઈ. એમની યોજના સફળ થઈ ગઈ. દક્ષિણ કોરિયાના સૈનિકો તેમને પોતાના દેશમાં લઈ ગયા. આશ્રય આપ્યો.

પરંતુ આ કથાનો અંત માત્ર ખુશીથી નથી ભરેલો. જે ભાઈએ આ સમગ્ર યોજના બનાવી હતી તે માત્ર 19 મહિના પછી એક દુર્ઘટનામાં મૃત્યુ પામ્યો. આ ઘટના આપણને યાદ અપાવે છે કે જીવન અનિશ્ચિત છે, પરંતુ પ્રયત્નોનો અર્થ ક્યારેય ખોવાતો નથી. આજે આ પરિવાર દક્ષિણ કોરિયામાં નવી જિંદગી જીવી રહ્યો છે. ગરમ પાણી, પ્રકાશથી ભરેલા ઘરો અને સ્વતંત્રતા.

આ કથા આપણને એક ગહન સંદેશ આપે છે: વિજ્ઞાન માત્ર લેબોરેટરીમાં નહીં, જીવનમાં પણ કામ આવે છે. માહિતી મનમાં ક્રાંતિ લાવે છે અને આશા એ સૌથી મોટી શક્તિ છે, જે અશક્યને શક્ય બનાવી શકે છે. કદાચ આજે પણ ક્યાંક કોઈ અંધકારમાં બેઠો હશે અને વિચારતો હશે કે "શું હું પણ એક દિવસ પ્રકાશ સુધી પહોંચી શકીશ?"